
# મુઘલકાળથી અત્યાર સુધીનું વહીવટી પદ - તલાટી



ભારતના ગ્રામ્ય વિસ્તારનો માણસ 'તલાટી' શબ્દથી પરિચિત હશે. મહેસૂલ વિભાગની અત્યંત મહત્ત્વની આ જગ્યા જેટલી અગત્યની છે, એટલી જ વિવાદોથી ઘેરાયેલી પણ રહી છે. છેક મુઘલકાળથી ચાલ્યા આવતા આ મહેસૂલી પદનાં કાર્યો અને સત્તામાં સમયાંતરે ફેરફારો થયા છે. ભારતમાં તલાટી માટે અંગ્રેજોએ 'Village Collector' શબ્દ વાપર્યો છે. દેશના વિવિધ રાજ્યોમાં તલાટી માટે જુદા જુદા શબ્દો વપરાય છે. ભારતની વહીવટી વ્યવસ્થા અને વિવિધ સરકારી પદોનું પોતાનું એક પ્રભાવ અને સમાજશાસ્ત્ર હોય છે. સામાન્ય વહીવટમાં જેટલાં સરકારી પદો તળિયાને સ્પર્શે છે, તેની નોંધ સરકાર કે ઉચ્ચ અધિકારીઓ લે કે ન લે, પરંતુ સમાજ તેની નોંધ લે છે, એવું જ એક મહત્ત્વનું પદ છે તલાટીનું!

તલાટી ગ્રામ્ય વિસ્તારનો પ્રથમ વહીવટી અધિકારી છે. તેની પાસે ગામડાંઓની માત્ર ભૌતિક સ્થિતિની જ જાણકારી હોતી નથી, પરંતુ તે ગામડાંના આંતરપ્રવાહો અને સામાજિક રીત-રિવાજોથી પણ સારી રીતે પરિચિત હોય છે. વિવિધ વિસ્તારોના ગામડાંઓની માનસિકતા તથા હકારાત્મક-નકારાત્મક પ્રવાહોની જાણ પણ તલાટીને સૌથી વહેલી થઈ જતી હોય છે. એટલે એક અર્થમાં તલાટી ગામડાનો 'કાર્ડિયાક ડૉક્ટર' છે. તલાટીની કેડર થકી જ રાજ્ય અને કેન્દ્ર સરકારની મહત્ત્વપૂર્ણ યોજનાઓ લોકો સુધી પહોંચે છે. સત્તા-વિસ્તરણ વ્યવસ્થાની મુખ્યધારા એવા મહેસૂલ ખાતાના તળિયે રહેલા આ પદ પર કાર્ય કરતા વ્યક્તિઓ ધારે તો ગ્રામ્ય વિસ્તારની કાયાપલટ કરી શકે છે. આપણે અત્યંત વિચક્ષણ બુદ્ધિશક્તિ ધરાવતા ભારતના પ્રથમ મહેસૂલ મંત્રી ટોડરમલ વિશે પણ જાણી લેવું જોઈએ, જેમણે તલાટીનું પદ ઊભું કર્યું હતું. ઉત્તરપ્રદેશના ખત્રી પરિવારમાં જન્મેલા ટોડરમલ આમ તો શેરશાહ સૂરીના મહેસૂલી અધિકારી હતા, જેમણે પાછળથી અકબરના શાસનમાં વિશેષ કાર્ય કર્યું.

ભારતમાં આજે જમીનને લગતા જે મહેસૂલી કાયદાઓ છે, તેનું મૂળ મુગલકાળમાં છે અને તે ટોડરમલ દ્વારા ઘડવામાં આવ્યા હતા. આ કાયદાઓ એટલા સુસંગત અને માનવીય હતા કે તેમાં અંગ્રેજોએ પણ બહુ હસ્તક્ષેપ કર્યો નહોતો. ટોડરમલે અકબરના સમયમાં ખેતપેદાશના આધારે મહેસૂલના દર નક્કી કર્યા એટલું જ નહીં, પરંતુ ખેતીમાં થતા નુકસાન માટે વળતરની વ્યવસ્થા પણ દાખલ કરી. તેમણે પોતાના કાર્યકાળ દરમિયાન સમગ્ર મહેસૂલ વ્યવસ્થા અને ભૂમિ અધિનિયમોનું નવેસરથી સંમાર્જન કર્યું. આજે ઉત્તર પ્રદેશના હરદોઈમાં ઉત્તર પ્રદેશ સરકારના મહેસૂલી અધિકારીઓની એકમાત્ર પ્રશિક્ષણ સંસ્થાને 'રાજા ટોડરમલ ભૂલેખ પ્રશિક્ષણ સંસ્થાન' નામ આપવામાં આવ્યું છે, જ્યાં IAS, IPS સહિતના અધિકારીઓને તાલીમ આપવામાં આવે છે.

આવા મેધાવી મહેસૂલી તજજ્ઞે મુગલકાળમાં ગ્રામ્ય વિસ્તારોને સુબા (જિલ્લા) સાથે સાંકળવા માટે પટવારી (તલાટી)નું પદ ઊભું કર્યું, જેમાં અંગ્રેજોએ નજીવો ફેરફાર કરીને 1918માં તેને કાયદેસર બનાવ્યું અને સમગ્ર ભારતમાં 'લેખપાલ' નામે તલાટીની જગ્યાઓ ઊભી કરી. પરંતુ ભારતમાં પટવારી એટલે કે તલાટી માટે અલગ અલગ શબ્દો વપરાય છે. સમગ્ર ઉત્તર ભારત, આંધ્રપ્રદેશ, કર્ણાટક, પશ્ચિમ બંગાળ તેમજ વર્તમાન પાકિસ્તાનમાં આજે પણ 'પટવારી' શબ્દ પ્રચલિત છે. ગુજરાત અને મહારાષ્ટ્રમાં 1918 સુધી તલાટી માટે 'કુલકર્ણી' શબ્દ વપરાતો હતો. 1918 પછી 'કુલકર્ણી' શબ્દ દૂર કરીને 'તલાટી' શબ્દ દાખલ કરવામાં આવ્યો, જે આજે પણ પ્રચલિત છે. તમિલનાડુમાં તલાટીને 'કર્ણમ' કહેવાય છે, જ્યારે ઓડિશાના કેટલાક વિસ્તારોમાં 'પટેલ', 'શાનાબોગરુ' અને 'અધિકારી' તરીકે ઓળખવામાં આવે છે. પંજાબમાં તલાટીને 'પિંડ દી માં'નો દરજ્જો આપવામાં આવ્યો છે. રાજસ્થાનમાં તલાટીને 'હાકિમ સાહેબ' કહેવામાં આવતા હતા. આખા ભારતમાં તલાટીઓની નિશ્ચિત જગ્યાઓ બાબતે મતમતાંતર જોવા મળે છે. ચૌધરી ચરણસિંહે તો ઉત્તર પ્રદેશમાંથી તલાટીની જગ્યા જ રદ કરી નાખી હતી, જે પાછળથી 'લેખપાલ'ના નામે ફરીથી શરૂ કરવામાં આવી. તલાટીઓને સૌથી વધુ જવાબદારીઓ અને સત્તા ઉત્તરાખંડ સરકારે આપી છે. ઉત્તરાખંડમાં તલાટીને 'મહેસૂલી પોલીસ' કહેવાય છે. ત્યાંના તલાટીઓ મહેસૂલ ઉપરાંત રાજ્યના લગભગ 65 ટકા જમીનવિસ્તારમાં ગુના નિયંત્રણ અને વનસંપદાને લગતું કાર્ય પણ કરે છે. ભારત સરકારે 2005થી 'પટવારી ઈન્ફોર્મેશન સિસ્ટમ' નામનો સોફ્ટવેર તૈયાર કર્યો છે, જે ગુજરાતમાં મામલતદાર કચેરીઓમાં 'ઈ-ધરા' તરીકે ઓળખાય છે. ગુજરાતમાં પંચાયતી રાજ અમલમાં આવ્યું તે પહેલાં તમામ તલાટીઓ મહેસૂલી કર્મચારી ગણાતા હતા અને મહેસૂલ વિભાગની કામગીરી કરતા હતા. 1963-64માં મંત્રીઓ અને તલાટીઓની અલગ કેડર બનાવવામાં આવી. ત્યારબાદ ગ્રામ પંચાયતના મંત્રીઓને ત્રણ માસની રેવન્યુ તાલીમ આપીને 'તલાટી-કમ-મંત્રી' તરીકે એક જ કેડર બનાવી તમામને પંચાયત હસ્તક મૂકવામાં આવ્યા. પરંતુ 2011થી ગુજરાત સરકારે ફરીથી 'રેવન્યુ તલાટી'ની નવી કેડર ઊભી કરી. તલાટીનું પદ જેટલું મહત્ત્વનું છે, એટલું જ ફરિયાદોથી ઘેરાયેલું પણ રહ્યું છે. આજે પણ તલાટીની ગેરહાજરી અંગે ફરિયાદો થતી રહે છે. ગ્રામ્ય વિસ્તારોમાં જમીનના ગોટાળામાં સંડોવાયેલા ઘણા તલાટીઓને જેલ થઈ હોવાના દાખલા પણ છે.

તેમ છતાં ગ્રામ્ય સ્તરેથી ભારતના નવીનીકરણની શરૂઆત કરનાર તલાટી જ છે. તલાટી પાસે ખેડૂતની પાછલી પેઢીનું સુખ રહેલું હોય છે. તલાટી પાસે જ ભારતીય નાગરિક હોવાનો પ્રથમ સરકારી પુરાવો નોંધાય છે.

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

**સામાન્ય વહીવટમાં જેટલાં સરકારી પદો તળિયાને સ્પર્શે છે, તેની નોંધ સરકાર કે ઉચ્ચ અધિકારીઓ લે કે ન લે, પરંતુ સમાજ તેની નોંધ લે છે, એવું જ એક મહત્વનું પદ છે તલાટીનું!**

# શું તમારા સિમ કાર્ડની પણ હોય છે એક્સપાયરી ડેટ?



How long does SIM Card Last: આજના ડીજીટલ યુગમાં સ્માર્ટફોન આપણી જિંદગીનો અવિભાજ્ય ભાગ બની ગયો છે, પરંતુ ફોન ગમે તેટલો મોંઘો કે લેટેસ્ટ હોય, જો તેમાં 'સિમ કાર્ડ' (SIM Card) ન હોય તો તે માત્ર એક રમકડું બનીને રહી જાય છે. કૉલિંગથી લઈને હાઈ-સ્પીડ ઈન્ટરનેટ વાપરવા માટે સિમ કાર્ડ ખૂબ જરૂરી છે. સામાન્ય રીતે લોકો વર્ષો સુધી એક જ સિમ કાર્ડ પોતાના ફોનમાં વાપરતા હોય છે. પરંતુ શું તમે ક્યારેય વિચાર્યું છે કે, જેમ ખાવા-પીવાની વસ્તુઓ કે દવાઓની એક્સપાયરી ડેટ હોય છે, તેમ સિમ કાર્ડની પણ કોઈ મર્યાદા કે એક્સપાયરી ડેટ હોય છે?

SIM એક્સપાયર થાય? ઘણા લોકોને એવું લાગે છે કે, સિમ કાર્ડ એકવાર ખરીદ્યા પછી આજીવન ચાલે છે, પરંતુ ટેકનિકલ રીતે એવું નથી. સિમ કાર્ડનું પણ એક ચોક્કસ આયુષ્ય હોય છે અને અમુક સમય પછી તેને બદલવું જરૂરી બની જાય છે. આ સવાલોના જવાબ થોડા રસપ્રદ છે. કારણ કે SIMના પેકેટ પર દૂધ કે દવાની જેમ કોઈ એક્સપાયરી ડેટ લખેલી હોતી નથી. પરંતુ તેનો અર્થ એ પણ નથી કે SIM (સિમકાર્ડ) જિંદગીભર એક સરખી ચાલતું રહેશે.

સરળ શબ્દોમાં કહીએ તો SIM કાર્ડની કોઈ નક્કી એક્સપાયરી ડેટ હોતી નથી. એટલે કે એવો કોઈ નિયમ નથી કે પાંચ કે સાત વર્ષ પૂરા થતાં જ SIM આપમેળે બંધ થઈ જશે. પરંતુ લાંબા સમય સુધી ઉપયોગ કર્યા પછી SIMમાં ટેકનિકલ સમસ્યાઓ જરૂર આવી શકે છે. સતત SIM બહાર કાઢવા અને લગાવવાથી તેના કિનારાઓ ઘસાઈ શકે છે. તેના ધાતુ વાળા સંપર્ક બિંદુઓ પર ઘસરકા પડી શકે છે અથવા તેમાં કચરો અને ભેજ જમા થઈ શકે છે. સિમમાં મેટલથી બનેલી એકદમ પાતળી ચિપ લાગેલી હોય છે જે ઘસાઈ જવાના કારણે જ સમસ્યા ઊભી થાય છે. ઘણી વખત સિમ સ્લોટમાં પણ કચરો જમા થવાથી ફોન સરખી રીતે સિમને રીડ નથી કરી શકતો, જેનાથી ફોનમાં સિગ્નલ દેખાવાનું બંધ થઈ જાય છે. ઘણી વખત સિમ કે સિમ સ્લોટમાં જમા થયેલા કચરાને હટાવી દેવાથી આ સમસ્યા દૂર થઈ જાય છે, તો ઘણી વખત સિમ જ બદલાવવી પડી જાય છે.